જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૭/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૧/૧૬**

**શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી ૮૮ લીટર દેશી દારૂ અને ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.**

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૨/૧૬**

**શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૫ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની** અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૩/૧૬**

**રામોલ : વિષ્ણુભાઇ ઇશ્વરભાઇ પંચાલ** (રહે,હરસિધ્ધ પાર્ક સોસાયટી, મહદેવનગર, વસ્ત્રાલ રોડ, રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૭/૧૬ સાંજનાં ૭/૩૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન રામોલ હરીદર્શન સોસાયટી વેરા નજીકથી પોતાની પુત્રી **કૃપાબહેન** (ઉ.વ.૧૬) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.આઇ.સોલંકી ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૪/૧૬**

**બાપુનગર : રાજેન્દ્રભાઇ વિરબહાદુર યાદવ** (રહે.મહાવીર સ્મૃતી સોસાયટી, પાર્શ્વનાથ ટાઉનશીપ પાસે, નવા નરોડા) એ તા.૩૦/૭/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને એપ્રીલ/૨૦૧૫ થી તા.૧૬/૨/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) અમીતભાઇ કાળીદાસ વ્યાસ અને (૨) પાર્થ ઉર્ફે પપ્પુ શુકલ (બંને રહે, નવદિપ પાર્ક, અક્ષય સ્કુલની સામે, કૃષ્ણનગર) નાઓએ ભેગામળી વકિલ રાજેન્દ્રભાઇનાં જુનિયર તરીકે કામ કરતાં જયેશભાઇ જગદીશભાઇ કાવીઠીયાને પોલીસ ખાતામાં પી.એસ.આઇ. તરીકે નોકરી અપાવવાના બહાને કુલ રૂપિયા ૧૮,૦૦,૦૦૦/- જયેશભાઇ અને તેમનાં પિતા પાસેથી મેળવી લઇ, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**લુંટની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૩૯૫/૧૬**

**શાહપુર : ચંદ્રકાંતરાય ચંદુભાઇ મોદી (ઉ.વ.૭૯)**(રહે.હરગોવન કેશવની પોળની બાજુમાં, પોસ્ટ ઓફીસની બાજુમાં, સિતારામ ફાયનાન્સ નામની દુકાનમાં, ઘી કાંટા) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૭/૧૬ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન બે અજાણ્યા ઇસમો (૩૦ થી ૩૫ વર્ષ આશરાનાં) પોતાની સિતારામ ફાયનાન્સ નામની દુકાનમાં "અમારે દાગીના ઉપર પૈસા લેવા છે" તેમ કહી પાણી માંગતાં, ચંદ્રકાંતરાય પાણીનો ગ્લાસ મુકવા અંદર જતાં, બંને ઇસમોએ ચંદ્રકાંતરાયને બાથરૂમમાં પુરી દઇ, દુકાનનાં લાકડાનાં કબાટમાં મુકેલ રોકડા રૂપિયા ૧,૫૦,૦૦૦/-, સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/-, મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂપિયા ૧૫૦૦/- અને અગત્યનાં દસ્તાવેજો મળી કુલ કિંમત રૂપિયા ૪,૫૧,૫૦૦/- મતાની લુંટ કરી પલાયન થઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.બી.પરમાર ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૩૯૬/૧૬**

**મણીનગર : કમલેશભાઇ વાડીલાલ મોદી** (રહે.રાધનપુરનગર સોસાયટી, ભૈરવનાથ રોડ, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૭/૧૬ ના કલાક ૧૧/૦૦ થી બપોર ૨/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.ખરાડી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૩૯૭/૧૬**

**રામોલ : રમણલાલ શિવાભાઇ પટેલ** (રહે,મંછાપુરા સોસાયટી, ગામ: સિયોર તા.વડનગર, જી.મહેસાણા) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૭/૧૬ નાં કલાક ૯/૪૫ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન સી.ટી.એમ. ખાતેનાં બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડથી પુર્વદિપ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સુધીની મુસાફરી દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિએ રમણલાલનાં ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૮/૧૬**

**ખાડીયા : શીલ્પાબહેન અનિલભાઇ ભલાવત (ઉ.વ.૫૦)** (રહે.શીવાલય એપાર્ટમેન્ટ, કુકડીયાની પોળ, સારંગપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૩૦/૭/૧૬ સવારનાં ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દશરથસિંહ શિવાજી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)